અપીલ અરજી નં.૨૮૫ તા. ૧૦–૧૨ –૧૦/૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી અનિલભાઈ ધનજીભાઈ પટોળીયા
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેરમાહિતી અધિકારી વરાછાઝોન ,

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી અનિલભાઈ ધનજીભાઈ પટોળીયાની તા.૮–૧૧–૧૦ ની અરજીથી (૧) પુણા અંજનીનગર–૧૫૦ ફુટ રોડમાં હરેકૃષ્ણ સોસા.માં ચાલતું ડીમોલીશનનો હુકમ કોણે કર્યો કયારે કર્યો તે નકલની કોપી.(૨) તેમાં કઈ ખાનગી પેઢીનો કોન્ટ્રાકટ અપાયો તેની વિગત અને કોના હુકમથી તેની નકલ. (ડીમોલીશન માટે.) વિગેરે મુદ્દા નં.૧થી ૪ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૧૦–૧૨–૧૦ ની **SMC/FAP/** નં.૨૮૫/૨૦૧૦–૧૧

શ્રી અનિલભાઈ ધનજીભાઈ પટોળીયાની તા.૮–૧૧–૧૦ ની અરજીથી (૧) પુણા અંજનીનગર–૧૫૦ ફુટ રોડમાં હરેકૃષ્ણ સોસા.માં ચાલતું ડીમોલીશનનો હુકમ કોણે કર્યો કયારે કર્યો તે નકલની કોપી.(૨) તેમાં કઈ ખાનગી પેઢીનો કોન્ટ્રાકટ અપાયો તેની વિગત અને કોના હુકમથી તેની નકલ. (ડીમોલીશન માટે.) વિગેરે મુદ્દા નં. ૧થી ૪ ની માહિતી આપવા બાબતે પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૫૪૭ તા.૭–૧૨–૧૦ થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૦–૧૨–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા સાથે અપીલના મુદ્દા અંગે તેમનો પક્ષ પણ રજુ કરવા જણાવી સાથે બાબત હેઠળની મિલ્કતના ડીમોલીશન અંગે કચેરી કક્ષાએ કોઈ કાર્યવાહી થયેલ હોય તો તેની વિગત પણ જણાવવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૦૮૧ તા.૨૨–૧૨–૧૦ થી એડી.સીટી ઈજનેર અને જાહેરમાહિતી અધિકારી વરાછાઝોન તથા અરજદારને અપીલ અરજીમાં જાહેર માહિતી અધિકારીએ આપેલ માહિતીમાં કયા મુદ્દા સામે કઈ બાબતે નારાજગી છે તથા ફી ભર્યાની વિગત અંગે સ્પષ્ટતા કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી. જયારે અરજદાર તરફથી તા.૧૧–૧–૧૧ થી પૂરક વિગતમાં પત્રથી રજૂઆત કરેલ છે.

અરજદારની તા.૮–૧૧–૧૦ ની અરજીથી પુણા અંજનીનગર–૧૫૦ ફુટ રોડમાં હરેકૃષ્ણ સોસા.માં ચાલતું ડીમોલીશન બાબતે મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૫૪૭ તા.૭–૧૨–૧૦ થી અરજદારને માહિતી આપવામાં આવેલ. જેમાં મુદ્દા નં. (૧) પુણા અંજનીનગર–૧૫૦ ફુટ રોડમાં હરેકૃષ્ણ સોસા.માં ચાલતું ડીમોલીશનનો હુકમ કોણે કર્યો કયારે કર્યો તે નકલની કોપી. મુદ્દા નં. (૨) તેમાં કઈ ખાનગી પેઢીનો કોન્ટ્રાકટ અપાયો તેની વિગત અને કોના હુકમથી તેની નકલ. મુદ્દા નં.(૩) તેમાંથી નીકળતું કાટમાળ , લોખંડ કોણ લઈ જાય છે અને કયા કારણોસર તેમજ હાલમાં કયાં રખાય છે તેની વિગતો. મુદ્દા નં.(૪) જો કોન્ટ્રાકટર લઈ જાય છે તો તેનો ચાર્જ કરતાં વધારે કાટમાળ જમા થાય તેનું શું ? તેવા મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી " માહિતી અધિકાર અધિનિયમ અને જોગવાઈ અન્વયે ફકત મહાનગરપાલિકાના રેકર્ડ ઉપર ઉપલબ્ધ માહિતી આપવાની હોય છે. તેઓ ધ્વારા માંગવામાં આવેલી માહિતી રેકર્ડ ઉપર ઉપલબ્ધ ન હોય આપી શકાય એમ નથી " તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે નિર્દિષ્ટ સમયમાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા.૧૦–૧૨–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે બાબતે તેમની નારાજગી અંગે પત્ર પાઠવી માહિતી માંગવામાં આવેલ. જેમાં અરજદારે તા.૧૧–૧–૧૧ ની પૂરક વિગતોમાં અપીલ બાબતે મુદ્દા નં.૧ માં પ્રશ્નની પૂર્તતા ખોટી રીતે કરેલ છે તેવું જણાવી અરજદારે શું સુમપામાં ડીમોલીશન લેખિત ઓર્ડર કર્યા વગર થાય છે? જો ઓર્ડર થાય તો શું મહાનગરપાલિકાના રેકર્ડમાં નથી રખાતા? કોઈ પણ જાતના ઓર્ડર કર્યા વગર ડીમોલીશન શકય છે? કોઈ પણ ડીમોલીશન ઓર્ડર કર્યા વગર જુની. ઈજનેરના માર્ગદર્શન હેઠળ થઈ શકે? લેખિત ઓર્ડર કર્યા વગર સામાન્ય પરિવારોને અંદાજિત ૨ કરોડ થી વધુ નુકશાન થયું હોય તો કોની જવાબદારી નકકી થાય? અને તેની વસુલાત કયા અધિકારી પાસેથી કરવાની થાય. તેવી રજૂઆત કરેલ છે. મુદ્દા નં.૨ માં જણાવેલ પ્રશ્ન કોઈ ખાનગી પેઢીને કોન્ટ્રાકટ અપાયો નથી કારણ જવાબ માહિતી રેકર્ડ પર નથી તેવું જણાવી નારાજગીમાં કોઈ ખાનગી કોન્ટ્રાકટ અપાયો નથી કોર્પોરેશનના બેલદારોએ ડીમોલીશન કર્યુ નથી છતાં મહાનગરપાલિકાની સીકયુરીટી સ્ટાફે ત્યાં ફરજ બજાવી છે તે સત્ય નથી? મુદ્દા નં.૩ માં પૂછેલ પ્રશ્ન બાબતે મહાનગરપાલિકાના સીકયુરીટી સ્ટાફની નજર અને દેખરેખ હેઠળ થયેલ કાર્યવાહી છે જે અંગે નારાજગીમાં હરે કૃષ્ણ એપાર્ટ. અંજનીનગરનું ડીમોલીશન થયું તે જગ જાહેર વાત છે તો તેમાંથી નીકળેલ કાટમાળ , લોંખડ , બારી , દરવાજા, ગ્રીલ અને અન્ય વસ્તુ સદર એપાર્ટમેન્ટમાં આવેલ ફલેટ કે દુકાનના માલિકો લઈ નથી ગયા તો શું ખાડીના પાણીમાં વહી ગયું છે? મુદ્દા નં. ૪ માં જણાવેલ વિગતમાં તમામ કાટમાળ કોન્ટ્રાકટર લઈ ગયા હોય તો નારાજગીમાં કોન્ટ્રાકટરને થતો ડીમોલીશન ચાર્જ કરતાં વધારે કાટમાળ તેણે સંગ્રહ કર્યો છે જેની માલીકી ફલેટ–દુકાનના માલીકીની હતી તેનુ શું?

ઉપરોકત તમામ મુદ્દાઓ બાબતે નારાજગી એ છે કે તમામ માહિતી રેકર્ડ પર ઉપલબ્ધ જ હોય કારણકે મોટા પાયે ડીમોલીશન થયું છે છતાં પણ માહિતી છુપાવવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે. તેવી રજૂઆત કરેલ છે. જયારે અરજદારે પૂરક વિગતોમાં અરજી ફી ભર્યાની વિગત રજૂ કરેલ છે પરંતુ કઈ જગ્યાએ ભરેલ છે તે ઓફિસનું સ્થળ જણાવેલ નથી. જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને માંગવામાં આવેલી માહિતી રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે પરંતુ અરજદારે માંગેલ માહિતી તેમજ અપીલમાં કરેલા દાવા અંગેની હકીકત જોતાં (૧) જાહેર માહિતી અધિકારીએ જો ડીમોલીશન થયું હોય તો તે કોના હુકમથી અને જો તે મૌખિક હોય તો તેની વિગત અને લેખિતમાં હોય તો અરજદરને તેની નકલ પૂરી પાડવાની રહે. તેમજ (૨) જો ડીમોલીશન મહાનગરપાલિકાએ કરેલ હોય તો તેની વિગત અને જો કોન્ટ્રાકટથી કરેલ હોય તો કોન્ટ્રાકટની વિગત અરજદારને હકીકતલક્ષી માહિતી પૂરી પાડવાની રહે. જો મુદ્દા નં.૧ અને ૨ ના પ્રત્યુત્તરમાં હકારાત્મક વિગતો હોય તો મુદ્દા નં.૩ અને ૪ ની હકીકતલક્ષી વિગતો અરજદારને પૂરી પાડવાની રહે જે પૂરી પાડેલ જણાતી નથી અને જો ડીમોલીશનમાં મનપાની કોઈ ભૂમિકા ન હોય તો તદનુસાર દફતરી વિગત અરજદારને પૂરી પાડવી રહે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૮–૧૧–૧૦ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ ન હોઈ ફરીયાદની હકીકતમાં નિર્દિષ્ટ વિગતે હકીકતલક્ષી માહિતી મુદ્દા નં.૧ થી ૪ માટે આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧–૧૧

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(વરાછાઝોન)...જાણ તથા અમલ માટે .
(૨) શ્રી અનિલભાઈ ધનજીભાઈ પટોળીયા